શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
આયુષ્યમાન કાર્ડ હેઠળ થતા ઓપરેશન
હરસ, મસા, વધરાવળ,
સારણગાંઠ, એપેન્ડિક્સ,
પિત્તાશયની પથરી,
સુન્નતનું ઓપરેશન,
કાન, નાક, ગળાની તમામ સર્જરી
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


ડૉ. મુકુલ પટેલ
એમ.ડી. (એનો-રેક્ટલ) Ay; એફ.એ.એમ.એસ.
હરસ મસા ભગંદર ફીશર
મળમાર્ગના રોગોના નિષ્ણાત
- મળ ત્યાગ સમયે દુઃખાવો, બળતરા યા રક્ત સ્ત્રાવ થવો.
- મળમાર્ગની આસપાસ ગાંઠ યા ગડ જેવું થઈ તેમાથી વારંવાર રસી પરૂ આવવું યા દુઃખાવો થવો.
- મળ ત્યાગ વખતે ચિકાશ કે રસી-પરૂ આવવું.
- મળ ત્યાગ વખતે કંઈ ભાગ બહાર આવવો.
સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, મજુરાગેટ ટ્રાફિક સર્કલ સામે, રીંગરોડ, સુરત.
સમય : ૧૦:૦૦ થી ૧:૦૦ ફોન : 2462626, 99044 05577

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ અષાઢ વદ નોમ, શનિવાર ૧૯ જુલાઇ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૧૮

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

# પહેલગામ હુમલો કરનાર TRF ત્રાસવાદી સંગઠન જાહેર

## વોન્ટેડ આતંકવાદી મસૂદ અઝહર કબજાવાળા કાશ્મીરમાં દેખાયો

**ભુટ્ટોએ** એવો દાવો કરેલો કે એ કદાચ અફઘાનિસ્તાનમાં છે



**નવી દિલ્હી. તા. 18.** તાજેતરની ગુપ્ત માહિતી સૂચવે છે કે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી, જૈશ-એ-મોહમ્મદનો વડા મસૂદ અઝહર, તેના બહાવલપુર ગઢથી 1,000 કિમીથી વધુ દૂર પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના ગિલગિટ-બાલ્ટિસ્તાન વિસ્તારમાં જોવા મળ્યો છે.

અઝહર તાજેતરમાં સ્કર્દુમાં જોવા મળ્યો હતો, ખાસ કરીને સદપારા રોડ વિસ્તારની આસપાસ. આ વિસ્તારમાં ઓછામાં ઓછી બે મસ્જિદો, સંલગ્ન મદ્રેસાઓ અને બહુવિધ ખાનગી અને સરકારી અતિથિ ગૃહો આવેલા છે.

આકર્ષક સરોવરો અને કુદરતી ઉદ્યાનો સાથે પ્રવાસન કેન્દ્ર તરીકે જાણીતું, તે યુએન દ્વારા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનના વડા માટે લો-પ્રોફાઇલ સ્થળ છે.

પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ તાજેતરમાં દાવો કર્યો હતો કે અઝહર અફઘાનિસ્તાનમાં હોઈ શકે છે તે પછી આ ખુલાસો થયો છે. તેમણે એવું સૂચન પણ કર્યું હતું કે જો તેઓ પાકિસ્તાનની ધરતી પર મળી આવશે તો ઈસ્લામાબાદ તેમને ભારતને સોંપી દેશે.

અઝહર ભારતમાં ઘણી આતંકવાદી પ્રવૃત્તિઓનો માસ્ટરમાઈન્ડ રહ્યો છે, જેમાં 2016નો પઠાણકોટ એરબેઝ હુમલો અને 2019નો પુલવામાનો હુમલો સામેલ છે, જેમાં 40થી વધુ સૈનિકો માર્યા ગયા હતા. ભારતીય ગુપ્તચર એજન્સીઓ અઝહરની હિલચાલ પર નજીકથી નજર રાખી રહી છે, તેમ છતાં જૈશનાં ઓનલાઈન પ્લેટફોર્મ જાણીજોઈને ખોટી માહિતી ફેલાવે છે, તેના ભાષણોની જૂની ઓડિયો ક્લિપ્સને રિસાયકલ કરીને સૂચવે છે કે તે તેના લાંબા સમય સુધી બહાવલપુર બેઝ પર રહ્યો હતો.

તેના સાથીઓએ વિમાનનું અપહરણ કર્યું અને મુસાફરોના બદલામાં અઝહરને છોડાવ્યો તે પહેલાં તે એક વખત ભારતીય કસ્ટડીમાં હતો. તેની મુક્તિ પછી તરત જ અઝહરે જૈશ-એ-મોહમ્મદની સ્થાપના કરી હતી.

**પહેલગામ** હુમલા બદલ અમેરિકાના વિદેશ વિભાગે લશ્કરે તૈયબાના આ પ્રોક્સી સંગઠનને ત્રાસવાદી જૂથોની યાદીમાં ઉમેર્યું

**અમેરિકાના** આ પગલાને ભારતે સમયસરનું અને મહત્વપૂર્ણ ગણાવી આવકાર્યું

**વૉશિંગ્ટન, નવી દિલ્હી, તા. 18 (PTI):** અમેરીકાએ પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા વતી કામ કરતા જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ(TRF)ને પહેલગામ ત્રાસવાદી હુમલા અંગે એક વિદેશી ત્રાસવાદી સંગઠન તરીકે જાહેર કર્યું છે, જે પગલાને ભારતે સમયસરના અને અગત્યના એવા પગલા તરીકે આવકાર્યું છે જે બંને દેશો વચ્ચેના મજબૂત ત્રાસવાદ વિરોધી સહકારનું પ્રતિબિંબ પાડે છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આ શિક્ષાત્મક પગલાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે તે ત્રાસવાદનો મુકાબલો કરવા માટેની વૉશિંગ્ટનની પ્રતિબધ્ધતાના ભાગરૂપે છે અને તે પહેલગામના હુમલા માટે ન્યાયની પ્રમુખ ટ્રમ્પની હાકલ અમલમાં મૂકે છે. રુબિયોએ જણાવ્યું હતું કે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ TRF ને ડેઝિગ્નેટેડ ફોરેન ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન(FTO) અને સ્પેશ્યલી ડેઝિગ્નેટેડ ગ્લોબલ ટેરરિસ્ટ(SDGT) તરીકે ઉમેરી રહ્યું છે. લશ્કર-એ-તૈયબા (LeT)ના ફ્રન્ટ અને પ્રોક્સી TRF એ પહેલગામ હુમલાની જવાબદારી સ્વીકારી હતી જેમાં 26 નાગરિકો માર્યા ગયા હતા, તેમણે ઉમેર્યું હતું કે તે 2008 માં LeT દ્વારા કરવામાં આવેલા મુંબઈ હુમલા પછી ભારતમાં નાગરિકો પરનો સૌથી ઘાતક હુમલો હતો. TRF એ ભારતીય સુરક્ષા દળો સામેના ઘણા હુમલાઓની જવાબદારી પણ સ્વીકારી છે, જેમાં તાજેતરમાં 2024 માં થયેલા હુમલાનો સમાવેશ થાય છે એમ રુબિયોએ જણાવ્યું હતું.

નવી દિલ્હીમાં, ભારતે અમેરિકાના નિર્ણયનું સ્વાગત કર્યું હતું અને વિદેશ મંત્રી એસ જયશંકરે તેને ભારત-અમેરિકા આતંકવાદ વિરોધી સહયોગની મજબૂત પુષ્ટિ ગણાવી હતી. ભારતે કહ્યું કે TRFનું ડેઝિગ્નેશન એ સમયસરનું અને મહત્વપૂર્ણ પગલું છે અને તેણે આતંકવાદ સામેની લડાઈમાં વૈશ્વિક સહયોગની જરૂરિયાત પર સતત ભાર મૂક્યો છે. વિદેશ મંત્રાલયએ કહ્યું કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ પ્રત્યે પ્રતિબદ્ધ છે અને આતંકવાદી સંગઠનો અને તેમના પ્રોક્સીઓને જવાબદાર ઠેરવવા માટે તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે નજીકથી કામ કરવાનું ચાલુ રાખશે.




### પહેલગામ હુમલાના ત્રણ જ દિવસમાં ભારતે TRFની સંડોવણીના પુરાવા અમેરિકાને આપી દીધા હતા

**નવી દિલ્હી.** એપ્રિલના રોજ થયેલા પહેલગામ હુમલાના ત્રણ દિવસની અંદર, ભારતીય અધિકારીઓએ પાકિસ્તાનના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ(TRF) માટે આતંકવાદી સંગઠનનું ટેગ મેળવવા માટે અમેરિકાને નોંધપાત્ર પુરાવા પૂરા પાડ્યા, જેમાં તેના નેતૃત્વ અંગેની માહિતી અને હુમલામાં તેની સીધી સંડોવણીના પુરાવાનો સમાવેશ થાય છે. અમેરિકી વિદેશ વિભાગ દ્વારા આ જૂથને આતંકવાદી સંગઠન તરીકે વર્ગીકૃત કરવાની પ્રક્રિયા ખૂબ જ તકનીકી, કઠોર અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં અનુસરવામાં આવતી પ્રક્રિયાઓથી વિપરીત રાજકીય પ્રભાવથી મુક્ત હોય છે. ડેઝિગ્નેશનની પ્રક્રિયામાં વિશ્વસનીય ગુપ્ત માહિતી અને ડેટાની રજૂઆત અને તેમની સંપૂર્ણ ચકાસણીનો સમાવેશ થાય છે. એવું જાણવા ...અનુસંધાન પાના 8 પર



● ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સંગમ નજીકના વિસ્તારો ચોમાસાની સીઝન દરમિયાન ગંગાના પાણીમાં ડુબી ગયા છે, તેની સાથે અહીંના બડે હનુમાન મંદિરનો અમુક ભાગ પણ પાણીમાં ડુબી ગયેલો નજરે પડે છે. વરસાદ દરમિયાન અહીં ગંગા બંને કાંઠે વહી રહી છે.

## લશ્કર અને TRF બેઉ તેમનું વડું મથક મુરીદકેથી લગભગ 400 કિલોમીટર દૂર બહાવલપુર ખસેડી રહ્યા છે

**નવી દિલ્હી, તા. 18.** અમેરિકાએ પહેલગામ આતંકવાદી હુમલા પાછળના સંગઠન-ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) ને વિદેશી આતંકવાદી સંગઠન (એફટીઓ) તરીકે નિયુક્ત કર્યું હોવાથી, સૂત્રોએ ખુલાસો કર્યો હતો કે લશ્કર અને તેની આ શાખા બંને તેમનું મુખ્ય મથક પાકિસ્તાનના મુરીદકેથી લગભગ 400 કિલોમીટર દૂર બહાવલપુર ખસેડી રહ્યા છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતે માત્ર મુરીદકેમાં લશ્કરની મુખ્ય જગ્યા પર જ નહીં, પરંતુ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બહાવલપુરમાં જૈશના ગઢ પર પણ ચોકસાઈપૂર્વક હુમલા કર્યા હતા. હાલમાં, ભારતીય ગુપ્તચર એજન્સીઓ એક જ સ્થળે બે આતંકવાદી સંગઠનોના મુખ્ય મથકોને સહ-સ્થિત કરવાના પાકિસ્તાની સેનાના પગલા પર નજર રાખી રહી છે. કલમ 370 નાબૂદ થયા પછી 2019 માં સ્થપાયેલ, રેઝિસ્ટન્સ ફ્રન્ટને પાકિસ્તાનની માહિતી યુદ્ધ મશીનરી દ્વારા કાશ્મીરમાં તેની સ્વતંત્રતા માટે લડતા 'ઘરેલું' બળવાખોર સંગઠન તરીકે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જો કે, તે લશ્કર-એ-તૈયબા માટે પ્રોક્સી તરીકે કામ કરે છે અને વૈશ્વિક સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠનનું માત્ર એક રીપેકેજ્ડ વર્ઝન છે, એમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

## જસ્ટિસ વર્મા સામે મહાઅભિયોગની બાબતમાં તમામ પક્ષો સંમત છેઃ કેન્દ્ર સરકાર

**નવી દિલ્હી, તા. 18 (PTI):** જેમના નિવાસસ્થાનેથી બળી ગયેલી નોટોની થપ્પીઓ મળી આવી હતી તે દિલ્હી હાઈકોર્ટના જજ જસ્ટિસ વર્માને તેમના હોદ્દા પરથી દૂર કરવા મહાઅભિયોગની કાર્યવાહી ચલાવવા બાબતે તમામ રાજકીય પક્ષો સહમત છે એમ સરકારે આજે જણાવ્યું હતું, જે સાથે ચોમાસુ સત્રમાં મહાઅભિયોગની દરખાસ્ત લાવવા માટેનો માર્ગ મોકળો થયો છે.

સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે તેઓ સંસદનો એકીકૃત અભિગમ બહાર આવે તે સુનિશ્ચિત કરવા માટે વિવિધ પક્ષોના નેતાઓ સાથે સંકલન કરી રહ્યા છે, ત્યારે મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે કહ્યું છે કે તેના તમામ સાંસદો જસ્ટિસ વર્મા વિરુદ્ધના પ્રસ્તાવને સમર્થન આપશે. રિજિજુએ એમ પણ કહ્યું કે મહાભિયોગના પગલા પર કોઈ રાજકારણ ન હોવું જોઈએ. સંસદનું ચોમાસુ સત્ર 21 જુલાઈથી શરૂ થવાનું છે. મેં વિવિધ રાજકીય પક્ષોના તમામ વરિષ્ઠ નેતાઓ સાથે વાત કરી છે. હું કેટલાક એક જ સાંસદ ધરાવતા પક્ષોનો પણ ...અનુસંધાન પાના 8 પર

## દેશમાં અત્યાર સુધી 9 ટકા વધુ વરસાદ પડ્યો, પણ ઉત્તરપૂર્વ, દક્ષિણ ભારતના રાજ્યોમાં ઓછો વરસાદ

**1 જૂનથી** 16 જુલાઈ દરમિયાન દેશમાં 331.9 મીમી વરસાદ પડ્યો

**ગુજરાત,** રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં વધુ વરસાદ પડ્યો

**પૂરમાં** સૌથી વધુ નુકસાન હિમાચલ પ્રદેશમાં



**નવી દિલ્હી, તા. 18 (PTI):** ભારતમાં આ ચોમાસાની સીઝનમાં સામાન્ય કરતા 9 ટકા વધુ વરસાદ પડ્યો છે પણ દેશમાં વરસાદ સમાનરૂપે પહોંચ્યો નથી. ભારતીય હવામાન વિભાગના (આઈએમડી) આંકડાઓ મુજબ ઝારખંડ, રાજસ્થાન અને લડાખ જેવા કેટલાક રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો છે, જ્યારે ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભાગોમાં ખાસ કરીને અન્ય ઘણા રાજ્યો અછતનો સામનો કરી રહ્યા છે. 1 જૂનથી 16 જુલાઈ દરમિયાન દેશમાં 331.9 મીમી વરસાદ પડ્યો, જે આ સમયગાળા માટે 304.2 મીમીના સામાન્ય વરસાદ કરતાં લગભગ 9 ટકા વધુ છે. પણ આ સરેરાશ મોટા પાયે થયેલા વરસાદના અંતરને છુપાવે છે. ઝારખંડમાં સામાન્ય કરતાં 71 ટકા વધુ વરસાદ પડ્યો, ત્યાં સામાન્ય 348.9 મીમીની ...અનુસંધાન પાના 8 પર

## વિદેશમાં ભણતા પોતાના બાળકોને નાણા મોકલવામાં ભારતીયો છૂપા ચાર્જીસ તરીકે જ કરોડો રૂપિયા ચુકવે છે!

**ગયા** વર્ષે આ નાણા મોકલનાર વાલીઓએ ચાર્જિસના સ્વરૂપમાં રૂ. ૧૭૦૦ કરોડ ચુકવ્યા હતા!

**પરંપરાગત** બેંકિંગ ચેનલો મારફતે નાણા મોકલવાના બદલે ડિજિટલ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરવા વિશ્વ બેંકની સલાહ







**મુંબઈ, તા. 18 :** અહેવાલ મુજબ, ૨૦૨૪ માં, ભારતીય પરિવારોએ તેમના બાળકોના શિક્ષણ માટે વિદેશમાં ભંડોળ મોકલતી વખતે ફી અને ચલણ માર્કઅપના સ્વરૂપમાં અંદાજે રૂ. ૧,૭૦૦ કરોડ (આશરે ૨૦ કરોડ ડોલર) ચૂકવ્યા હતા. આ અહેવાલ ભારતના આંતરરાષ્ટ્રીય નાણાં ટ્રાન્સફરને અસર કરી રહેલી બિનકાર્યક્ષમતા અને છુપાયેલા ખર્ચ પર પ્રકાશ પાડે છે, જેમાંથી મોટા ભાગના હજુ પણ પરંપરાગત બેંકિંગ ચેનલો દ્વારા પસાર થાય છે. રેડસીર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સ અને ગ્લોબલ પેમેન્ટ પ્લેટફોર્મ વાઈઝ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલ અહેવાલમાં આ વિગતો આપવામાં આવી છે.

ભારતના ૮૫,૦૦૦-૯૩,૫૦૦ કરોડ (૧૦-૧૧ બિલિયન ડોલર) ના વિદ્યાર્થીઓના રેમિટન્સમાંથી ૯૫ ટકાથી વધુ પરંપરાગત બેંકો દ્વારા મોકલવામાં આવે છે, જે સામાન્ય રીતે વિદેશી વિનિમય દરો પર ૩-૩.૫ ટકા માર્કઅપ વસૂલ કરે છે. વળી આ ટ્રાન્સફર પૂર્ણ થવામાં ૨-૫ કાર્યકારી દિવસો પણ લાગે છે. વાઈઝ ખાતેના એક વરિષ્ઠ અધિકારી, તાનિયા ભારદ્વાજે જણાવ્યું હતું કે નાણા મોકલવાની અસ્પષ્ટ કિંમતો અને તેમનું જંગી પ્રમાણ એ આંખ ઉઘાડનારી બાબત છે.

વાર્ષિક રૂ. ૩૦ લાખ મોકલવાથી ભારતીય પરિવારોને ફક્ત છુપા ચાર્જીસમાં જ રૂ. ૭૫,૦૦૦ જેટલો ...અનુસંધાન પાના 8 પર

## ઈડીએ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બઘેલના પુત્રની દારૂ કૌભાંડમાં ધરપકડ કરી

**ચૈતન્ય** બઘેલને 5 દિવસની રિમાન્ડ પર મોકલવામાં આવ્યા

**જુનિયર** બઘેલની ભુમિકાના સંબંધમાં લગભગ રૂ. 1,070 કરોડના ભંડોળ એજન્સીના સ્કેનર હેઠળ

**રાયપુર, તા. 18 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) શુક્રવારે કોંગ્રેસના નેતા અને છત્તીસગઢના ભુતપૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

દુર્ગ જિલ્લાના ભિલાઈ શહેરમાં તેમના નિવાસસ્થાને દરોડા પાડ્યા બાદ તેમને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. પિતા-પુત્ર એક જ જગ્યાએ રહે છે.

ઘરની બહાર પોલીસ કર્મચારીઓનો મોટો કાફલો જોવા મળ્યો હતો, જ્યારે પક્ષના કેટલાક



સમર્થકો પણ ત્યાં ભેગા થયા હતા.

સિનિયર બઘેલે જણાવ્યું હતું કે શુક્રવારે ચૈતન્યનો જન્મદિવસ હતો.

ખાસ પીએમએલએ કોર્ટે ચૈતન્યને પાંચ દિવસ માટે ઈડી કસ્ટડીમાં મોકલ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ચૈતન્યની મની લોન્ડરિંગ વિરોધી કાયદાની કલમ 19 હેઠળ ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેઓ કેસમાં નવા પુરાવા મળ્યા બાદ થયેલી શોધ દરમિયાન કથિત રીતે સહકાર આપી રહ્યા ન હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે કથિત દારૂ કૌભાંડમાંથી ઉત્પન્ન થયેલી લગભગ રૂ. 17 કરોડની ગુનાની આવક ચૈતન્ય સાથે કથિત રીતે જોડાયેલી કંપનીઓને મળી હતી. જુનિયર બઘેલની ભુમિકાના સંબંધમાં ...અનુસંધાન પાના 8 પર

## દિલ્હીની 45 કરતા વધુ શાળાઓ અને 3 કોલેજોને બોમ્બની ધમકીઓ મળી

**કોઇકે** ઇ-મેઇલ વડે ધમકી મોકલી, વિસ્ફોટો થયા પછી પોતે આપઘાત કરશે એમ પણ લખ્યું!

**પોલીસે** શાળા-કોલેજો ખાલી કરાવી સઘન શોધખોળ કરી પણ કશું મળ્યું નહીં

**નવી દિલ્હી, તા. 18 (PTI):** શુક્રવારે દિલ્હીની 45થી વધુ શાળાઓ અને ત્રણ કોલેજોને ઈમેલ દ્વારા બોમ્બ ધમકીઓ મળી



હતી, જેના કારણે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ગભરાટ ફેલાયો હતો. આ અઠવાડિયામાં આ ચોથો દિવસ છે જ્યારે રાષ્ટ્રીય રાજધાનીની શાળાઓને બોમ્બ ધમકીઓ મળી છે. જો કે બાદમાં આ ધમકીઓ પોકળ સાબિત થઈ હતી. બોમ્બ ડિસ્પોઝેબલ અને ડોગ સ્ક્વોડ અને ફાયર વિભાગ સાથે પોલીસ તે શાળાઓ અને કોલેજોમાં દોડી ગઈ હતી જેમને ઈ-મેઈલ દ્વારા બોમ્બની ...અનુસંધાન પાના 8 પર

### તા. ૧૮-૦૭-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૧૧૭ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૨૫.૫૦ ફૂટ | આઉટફ્લો ૬૫૩૧ ક્યુસેક |

| | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| તાપમાન | 33.0 સે. | ૨૭.૪ સે. | ૭૩% |

ડીસ્ટ્રીક્ટ ડીસ્ટ્રીબ્યુશન ડેપો
સુરત અને સાઉથ ગુજરાતમાં ફ્રોઝન ફૂડ પ્રોડક્ટ્સ (વેજ)ના વેચાણ માટે પબ્લિક લિમિટેડ કંપનીને કોલ્ડ સ્ટોરેજ અને કેફે માટે
2500 sqft જગ્યા + 1 કરોડનું રોકાણ
કરી શકે તેવા રોકાણકર્તા કંપની ઓપરેટેડ વેરહાઉસ માટે જોઇએ છે. *જગ્યાનું ભાડુ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સંપુર્ણ સંચાલન કંપનીની જવાબદારી*
સુરક્ષિત રોકાણ અને શ્રેષ્ઠ વળતર
76981 88888